P.R.O

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૫૨/૨૦૧૬**

તા.૧૨/૦૯/૨૦૧૬ ના રોજ ''બકરી ઇદ'' નો તહેવાર આવે છે. આ પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. કોઇપણ જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઇપણ પશુની કતલના કારણે સુલેહશાંતીનો ભંગ થવા સંભવ રહે છે. જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨)ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી છે.

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા.૦૯/૦૯/૨૦૧૬ થી તા.૧૮/૦૯/૨૦૧૬ સુધી (બંન્ને દિવસો સહિત) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ, કોઇપણ પશુની જાહેર જગ્યામાં કે, ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે, મહોલ્લામાં વિગેરે જગ્યાએ દેખાય તે રીતે કોઇપણ પશુની કતલ કરવી નહી તેમજ કોઇપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઇ જવા કે ફેરવવા નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ના અધિનિયમ-૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આથી હું આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇ થી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવી.

આજ તા. ૭/સપ્ટેમ્બર/૨૦૧૬ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ, શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત રાજ્ય, ગાંધીનગર,

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુ.રા. ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.

બકરી ઇદ જાહેરનામા-૨૦૧૬